# રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૧૪૫ કેસ : ૧૭નાં મોત

## અત્યાર સુધીમાં ૨૮૩૯ના મૃત્યુ અને ૬૪૮૩૦ ડિસ્ચાર્જ : ૨૪ કલાકમાં ૮૧ લોકો વેન્ટીલેટર ઉપર

રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના ૬૩૦૩૧ ટેસ્ટ કરવામાં આવતા ૧૧૪૫ પોઝિટિવ કેસ નોંધાયા હતા. આ સાથે રાજ્યમાં કુલ સંક્રમિતનો આંકડો ૮૧ હજારને વટાવી ૮૨ હજારને પાર થઈ ૮૨૦૮૭ થયો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૭ મોત નોંધાતા કુલ કોરોનાને લીધે ૨૮૩૯ મોત થયા છે. આજે ૧૧૨૦ દર્દીઓ ડિસ્ચાર્જ થતા કુલ ડિસ્ચાર્જનો આંકડો ૬૪ હજારને પાર થઈ ૬૪૮૩૦ થયો છે. આજની સ્થિતિએ રાજ્યમાં કુલ ૧૪૪૧૮ એક્ટિવ કેસ છે જેમાં ૮૧ વેન્ટીલેટર પર અને ૧૪૩૩૭ સ્ટેબલ છે. રાજ્યમાં સતત બીજા દિવસે કોરોના પોઝિટિવનો આંકડો ૧૧૦૦ને પાર થયો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૧૪૭૮૬૨૯ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં ૫૧૫૩૧૩ વ્યક્તિઓને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫૧૪૫૬૭ વ્યક્તિઓ હોમ ક્વોરોન્ટાઈન છે અને ૭૭૭ ફેસિલીટી ક્વોરોન્ટાઈન છે. રાજ્યની કોવિડ-૧૯ના કારણે ૧૭ મૃત્યુ નોંધાયેલ છે. અમદાવાદ કોર્પોરેશનમાં ૪, સુરતમાં ૪, સુરત કોર્પોરેશનમાં ૩, રાજકોટ કોર્પોરેશનમાં ૩, ભાવનગર કોર્પોરેશનમાં ૧, ગાંધીનગરમાં ૧ અને પાટણમાં ૧ મોત કોરોનાને લીધે થયા છે. અમદાવાદ શહેરમાં ૧૪૬ અને જિલ્લામાં ૧૭ સાથે કુલ ૧૬૩ કોરોનાના કેસ નોંધાયા છે. આ સાથે અમદાવાદમાં કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૨૯૪૯૩ થયો છે. આજે વધુ ૪ મોત સાથે મૃત્યુઆંક કુલ ૧૬૭૦ થયો છે. સુરત શહેરમાં ૧૬૬ અને જિલ્લામાં ૭૨ સાથે કુલ ૨૩૮ કેસ કોરોનાને લીધે નોંધાયા છે. જેની સાથે કુલ સંક્રમિતનો આંકડો ૧૭૬૪૭ થયો છે. આજે વધુ ૭ના મોત થતા કુલ મૃત્યુઆંક ૫૭૪ થયો છે. વડોદરા શહેરમાં ૯૨ અને જિલ્લામાં ૨૨ સાથે કુલ ૧૧૫ કેસ કોરોનાના નોંધાયા છે. રાજકોટ શહેરમાં ૬૨ અને જિલ્લામાં ૩૪ સાથે કુલ ૯૬ કેસ કોરોનાના નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો રાજકોટમાં ૩૫૫૮ થયો છે. આજે વધુ ૩ મોત સાથે ૭૧ કુલ મૃત્યુઆંક રાજકોટમાં થયો છે.

## ખેડબ્રહ્મા પાણાઈ ગામે ચેક ડેમમાં ડૂબી જવાથી બે ના મોત

ખેડબ્રહ્મા તાલુકાના પાણાઈ ગામે મંગળવાર રાત્રીના બે યુવકો ચેકડેમ પાસેથી પસાર થતા હતા પાણીમાં પાડવાનો અવાજ સાંભળી બાજુમાં રમતા બાળકોએ નજીકના ઘરવાળા લોકોને વાત



જે અંદર પડી જવાથી બંનેના મોત નિપજ્યા હતા. કરતા લોકો ઉમટી પડયા હતા.

ખેડબ્રહ્મા તાલુકાના પાનાઈ ગામના પારગી હોમાભાઈ ભગાભાઈ (૪૦) અને પારગી ગોપીભાઈ અરજણભાઈ (૩૫) ચેક ડેમ પાસેથી પસાર થતા હતા ત્યારે અચાનક એક યુવક પાણીમાં પડી જતા બીજો યુવક પણ તેને બચાવાયા પાણીમાં પડ્યો હતો.

ખેડબ્રહ્મા તાલુકામાં બે દિવસથી પડી રહેલ વરસાદથી ચેક ડેમ મા પાણી વધુ ભરાયું હતું અને પ્રવાહ પણ ચાલુ હોય રાત્રીના ૧૧. વાગે હોમાભાઈની લાશ મળી હતી જ્યારે ગોપીભાઈની લાશ બુધવાર સવારે ૬ વાગે માલી હતી જેમને પી.એમ માટે ખેડબ્રહ્મા ખસેડી પોલિસે કાર્યવાહી હાથ ધરી હતી.



**ખેડબ્રહ્મા મહાવીર સ્વામી પ્રભુનું જન્મ વાંચન યોજાયું**

ખેડબ્રહ્મા દર વર્ષે ધામધૂમથી ઉજવાતો ભગવાન મહાવીર પ્રભુનો જન્મ વાંચનનો કાર્યક્રમ યોજાતો હતો. પણ ચાલુ વર્ષે કોરોના મહામારીના કારણે જન્મ વાંચનનો કાર્યક્રમ જૈન લોકોએ પોત પોતાના ઘરે જ ઉજવ્યો હતો.

# ૨૦૫ જળાશયો પૈકી ૧૦૧ જળાશયો હાઈ એલર્ટ

## સરદાર સરોવર જળાશય ૧૨૧.૫૭ મીટર, કુલ સંગ્રહ શક્તિના ૫૪ ટકા જળસંગ્રહ : ઉમરપાડા ૫ ઈંચ વરસાદ

ગાંધીનગર,તા.૧૯

રાજ્યમાં ચોમાસાની મોસમ જામી છે. સમગ્ર રાજ્યમાં વરસાદી માહોલ સાથે ૮૫ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો છે. જેમાં સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકામાં ૧૨૭ મીમી એટલે કે પાંચ ઈંચ, કચ્છ જિલ્લાના અંજાર તાલુકામાં ૧૦૨ મીમી એટલે કે ચાર ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે. રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તા. ૧૯મી ઓગસ્ટ-૨૦૨૦ની સવારે ૬.૦૦ કલાકે પૂરા થતા ચોવીસ કલાક દરમિયાન ભૂજ તાલુકામાં ૮૬ મીમી, મોરબીમાં ૮૫ મીમી, દસાડામાં ૮૧ મીમી, લોધિકામાં ૮૦ મીમી અને દાંતામાં ૭૬ મીમી મળી કુલ પાંચ તાલુકાઓમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત દાંતીવાડામાં ૬૭



મીમી, સતલાસણામાં ૫૯ મીમી, રાજકોટમાં ૫૫ મીમી, બોરસદમાં ૫૪ મીમી, ધોલેરામાં ૫૧ મીમી અને અમીરગઢમાં ૫૦ મીમી મળી કુલ પાંચ તાલુકાઓમાં બે ઈંચથી વધુ જયારે અન્ય ૩૨ તાલુકાઓમાં એક ઈંચ અને ૩૮ તાલુકાઓમાં અડધો ઈંચ જેટલો વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે. ચાલુ મોસમનો રાજ્યનો સરેરાશ કુલ વરસાદ ૮૫.૧૪ ટકા નોંધાયો છે. જેમાં કચ્છ રીજીયનમાં ૧૪૯.૫૪ ટકા, ઉત્તર ગુજરાતમાં ૬૨.૧૨ ટકા, પૂર્વ મધ્ય ગુજરાતમાં ૬૫.૮૬ ટકા, સૌરાષ્ટ્રમાં ૧૧૭.૧૯ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૮૫.૧૪ ટકા જેટલો સરેરાશ વરસાદ થયો છે.

રાજ્યમાં થયેલ વરસાદને કારણે રાજ્યના ૨૦૫ જળાશયો ભરાયા છે. સરદાર સરોવર ડેમ આજે ૧૨૧.૫૭ મીટરની સપાટી એ છે. જેમાં કુલ સંગ્રહ ૫૪.૯૯ ટકા જેટલો થયો છે. રાજ્યના ૧૦૧ ડેમ ૯૦ ટકાથી ઉપર ભરાતા હાઈએલર્ટ, ૯ ડેમ ૮૦ ટકાથી ૯૦ ટકા ભરાતા એલર્ટ અને ૧૪ ડેમ ૭૦ ટકાથી ૮૦ ટકા ભરાતા વોર્નિંગ જાહેર કરવામાં આવ્યા છે. જયારે ૮૧ ડેમમાં ૭૦ ટકાથી ઓછો જળસંગ્રહ થયો છે. રાજ્યમાં થઈ રહેલાં વરસાદને પરિણામે ૧૮૬ માર્ગો અસરગ્રસ્ત થયા છે. જેમાં માર્ગ અને મકાન વિભાગ હસ્તકના ૨૦ અને પંચાયત હસ્તકના ૧૬૬ માર્ગોનો સમાવેશ થાય છે. આ માર્ગો સત્વરે પૂર્વવત થાય એ માટે વહીવટી તંત્ર દ્વારા સક્રીય પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે.

# બનાસકાંઠામાં ૨૫ પોઝિટિવ કેસ નોંધાયા

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસ પુનઃ માથું ઊંચકી રહ્યો છે. જ્યાં બુધવારે કોરોનાના કુલ ૨૫ કેસ નોંધાયા હતા. જેની સાથે કુલ આંક ૧૦૦૯ થયો છે.

બનાસકાંઠા જિલ્લામાં થોડીક રાહત બાદ કોરોના વાયરસે પુનઃ માથું ઊંચકતાં પ્રજાજનોમાં ફફડાટ પ્રસરી ગયો છે. જ્યાં બુધવારે કોરોનાના કુલ ૨૫ કેસ નોંધાયા હતા. આ અંગે આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે, ગવર્મેન્ટ ૧૪, ખાનગી ૨, અને એન્ટીજન ૯ મળી કુલ ૨૫ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કોરોના વાયરસના કુલ પોઝિટિવ દર્દીઓનો આંકડો ૧૦૦૦ને પાર પહોંચી ગયો છે. આંક ૧૦૦૯ થયો છે. દરમિયાન પોઝિટિવ દર્દીઓને સારવાર અર્થે તાત્કાલિક કોવિડ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે એમના સંપર્કમાં આવેલા લોકોને હોમ કોરેન્ટાઈન કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જિલ્લામાંથી બુધવારે જિલ્લામાં ૧૪૩૫ સેમ્પલ લેવામાં આવ્યા હતા. જે પૈકી ગવર્મેન્ટ ૧૭૪, ટુનેટ ૧૦, ખાનગી ૩ અને એન્ટીજન ૧૨૪૮નો સમાવેશ થાય છે.

## થરાદ અને ધાનેરા નગરપાલિકાના પ્રમુખ ઉપપ્રમુખની આજે યોજાનાર ચૂંટણી મોકૂફ

થરાદ અને ધાનેરા નગરપાલિકા ના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી આજે જે યોજાવાની હતી તે ધાનેરા નાયબ કલેક્ટર રજા પર હોવાથી તેમજ થરાદ નાયબ કલેક્ટરની નાદુરસ્ત તબિયત હોવાથી મોકૂફ રાખવામાં આવી.થરાદ અને ધાનેરા નગરપાલિકાની બીજી ટર્મની અઢી વર્ષ માટે પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી તારીખ ૨૦/૦૮/૨૦૨૦ નક્કી કરવામાં આવી હતી જેમાં ધાનેરા નગરપાલિકાની ચૂંટણી અને થરાદ નગરપાલિકાની ચૂંટણીનો સમય ૧૨ વાગ્યાનો રાખવામાં આવ્યો હતો પરંતુ ધાનેરા નાયબ કલેક્ટર વાય.પી. ઠક્કરના બનેવીનું અવસાન થતાં તેઓ તા.૧૮/૮/૨૦૨૦થી ૨૦/૮/૨૦૨૦ સુધી રજા પર ગયેલ હોવાથી તેમજ થરાદ નાયબ કલેક્ટર વી.સી.બોડાણાની નાદુરસ્ત તબિયતના કારણે તેઓ પણ તા.૧૯/૮/૨૦૨૦ અને ૨૦/૮/૨૦૨૦ ના રોજ રજા પર હોવાથી બંને નગરપાલિકાઓની ચૂંટણીઓ રદ રાખી હવે આગામી તારીખ ૨૫/૮/૨૦૨૦ ના રોજ ૧૨ વાગ્યે યોજાશે જેમાં થરાદ નગરપાલિકાની ચૂંટણી નગરપાલિકા કચેરી થરાદમાં યોજાશે અને ધાનેરા નગરપાલિકાની ચૂંટણી મિટિંગ હોલ પ્રાંત કચેરી ધાનેરામાં યોજાશે.

# ભૂમાફિયાઓ ઉપર સકંજો કસાશે : ૧૪ વર્ષની કેદ થશે

ગાંધીનગર, તા.૧૯

રાજ્યમાં ધાકધમકી અને જોરજબરજસ્તીથી જમીન પડાવી લેવાના કિસ્સા વધી રહ્યા છે ત્યારે ગુજરાત સરકાર ભુમાફિયાઓ પર નકેલ કસવા માટે એન્ટિ લેન્ડ ગ્રેબિંગ કાયદામાં સુધારો કરીને ૧૪ વર્ષ સુધીની સજાની જોગવાઈ કરવા તૈયારી કરી રહી છે. રાજ્ય સરકારના રેવન્યુ વિભાગ દ્વારા આ માટે 'ધ ગુજરાત લેન્ડ ગ્રેબિંગ (પ્રોહિબિશન) બિલ ૨૦૨૦'નો મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો છે. જેને વિધાનસભાના આગામી મહિને મળનાર ચોમાસુ સત્રમાં રજૂ કરવામાં આવી શકે છે. આ પ્રસ્તાવિત બિલમાં ગુનો સાબિત થયો હોય તેવા કેસમાં ભુમાફિયાઓને વધુમાં વધુ ૧૪ વર્ષની જેલની સજા અને ઓછામાં ઓછી ૧૦ વર્ષ સજાની જોગવાઈ કરવામાં આવી છે. આ અંગે જાણકારી ધરાવતા ઉચ્ચ સૂત્રોએ કહ્યું કે નવા પ્રસ્તાવિત કાયદા મુજબ જે ગુનાગાર સાબિત થશે તેમણે જે તે જમીનની જંત્રી જેટલો દંડ પણ ભરવો પડશે. તેમજ જો આ ગુનો આચરનાર કોઈ કંપની હશે તો જ્યારે ગુનો આચરવામાં આવ્યો તે સમયે કંપનીમાં ભાગ ધરાવતા હોય તેવા દરેક વ્યક્તિ ગુનેગાર ગણાશે અને તેમની વિરુદ્ધ કાયદેસર પગલા લેવામાં આવશે. સૂત્રોએ કહ્યું કે આ કાયદાનું બિલ ગત બજેટ સેશનમાં જ રજૂ થનાર હતું પરંતુ કોવિડ-૧૯ની પરિસ્થિતિને જોતા તે સમયે આ બિલ રજૂ કરવામાં આવ્યું નહોતું. રેવન્યુ વિભાગના ટોચના સૂત્રોએ કહ્યું કે આ પ્રસ્તાવિત કાયદો વધતા જતા જમીન પડાવી લેવાના ગુનાને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યો છે. પછી તે વ્યક્તિગત ગુનો હોય કે કંપની બનાવીને જમીન પડાવી લેવાનો ગુનો આચર્યો હોય, આ જમીન ધાકધમકી, જોરજબરજસ્તી, ગેરકાયદેસર રીતે પડાવી હોય, જમીન સરકારી હોય, સ્થાનિક સ્વરાજ સંસ્થાઓની હોય, ટ્રસ્ટની હોય કે પછી વ્યક્તિગત માલિકીની તમામ બાબતોને આ નવા કાયદામાં આવરી લેવામાં આવી છે. જમીન પડાવી લેતા આ ભુમાફિયાઓ ખોટા દાવાઓ કરી છેતરપિંડીકરે છે. અનૈતિક જમીન દલાલો સાથે મળીને ખોટી રીતે જમીનના સોદા કરે છે અને લોકો સાથે છેતરપિંડી કરીને રુપિયા પડાવી લે છે.

## કોરોનાના ટેસ્ટ માટે આવતા લોકોને આધારકાર્ડ ફરજીયાત

અમદાવાદ, તા.૧૯

એએમસી દ્વારા કોરોના ટેસ્ટ માટે આવતા લોકોના સાચા ફોન નંબર અને એડ્રસ માટે તેમના આધારકાર્ડની કોપી અને મોબાઈલ નંબર માટે ઓટીપી મોકલવામાં આવશે. આમ થવાથી કોરોના ટેસ્ટ માટે આવતી વ્યક્તિ ખોટા ફોન નંબર નહીં આપે. એએમસીએ જણાવ્યું કે આમ કરવા પાછળનું કારણ એ છે કે ૧૦% થી ૧૫% લોકો પોતાના ખોટા એડ્રસ આપતા હતા. એએમસી દ્વારા જણાવ્યું કે, ટેસ્ટ પહેલા આ પદ્ધતિનું પાલન કરવાથી, વ્યક્તિએ અગાઉ ટેસ્ટ કરાવ્યો છે કેમ, અગાઉ કરાવેલા ટેસ્ટનું શું પરિણામ આવ્યું હતું તે વિશેની માહિતી પણ મળી રહેશે.

### એજન્સીને મંજૂરી... ● પહેલા પાનાનું ચાલુ

તિરુવંનતપુરમ એરપોર્ટને પબ્લિક-પ્રાઈવેટ પ્રાર્ટનરશીપ અંતર્ગત લીઝ પર આપવાની મંજૂરી પણ આપવામાં આવી છે. કેબિનેટના નિર્ણય વિશે જણાવતા કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે કહ્યું કે આજે નોકરી માટે યુવાઓને ઘણી પરીક્ષાઓ આપવી પડે છે. તેની જગ્યાએ નેશનલ રિક્રુટમેન્ટ એજન્સી હવે કોમન એલિજિબિલિટી ટેસ્ટ લેશે. તેનાથી યુવાઓને લાભ થશે. પ્રકાશ જાવડેકરે કહ્યું કે દેશમાં લગભગ ૨૦ રિક્રૂટમેન્ટ એજન્સી છે. આ બધુ સમાપ્ત કરવા માટે સરકારે એક મહત્વનો નિર્ણય લીધો છે. નેશનલ રિક્રૂટમેન્ટ એજન્સી હવે કોમન એલિજિબિલિટી ટેસ્ટ લેશે. તેનો ફાયદો કરોડો યુવાઓને થશે, જે નોકરી માટે અરજી કરે છે.

### હિસ્સો ખરીદ્યો... ● પહેલા પાનાનું ચાલુ

આ રો કાણનો ૬૦% હિસ્સો હેવિટાલિકની ઈક્વિટી શેરના હોલ્ડિંગમાં અને ૧૦૦% ડાયરેક્ટ પ્રત્યક્ષ ઈક્વિટી સ્વામિત્વ વિટેલિકની સહાયત એટલે કે ત્રિસારા હેલ્થ પ્રાઈવેટ લિમિટેડ, નેટમેડ્સ માર્કેટ પ્લસ લિમિટેડ અને દાદા ફાર્મા ડિસ્ટ્રીબ્યૂશન પ્રાઈવેટ લિમિટેડમાં કરવામાં આવ્યું છે.

### હત્યાનું કાવતરુ... ● પહેલા પાનાનું ચાલુ

અને તેઓ સંગ અથવા ભાજપ સાથે સંકળાયેલા કોઈ નેતાને નિશાન બનાવશે. આ માહિતી મળતા તુરંત જ એટીએસની ટીમને તૈયાર કરી દેવામાં આવી. ઓપરેશન જટીલ હોવાને કારણે એટીએસના ડીઆઈજી હિમાંશુ શુક્લએ પોતે ઓપરેશનનું નેતૃત્વ લેવાનો નિર્ણય કર્યો. મંગળવારની રાત્રે એક વાગ્યાના સુમારે ડીઆઈજી હિમાંશુ શુક્લ, ઈન્ચાર્જ એસપી દીપેન ભદ્રન, ડીવાયએસપી કે કે પટેલ અને ભાવેશ રોઝિયા સાથે ટીમ રીલીફ રોડ પર આવેલી હોટેલ વીનસ પર પહોંચી હતી. માહિતી ચોક્કસ હતી, જેના કારણે ચોક્કસ રૂમ પર જ પહોંચેલી ટીમે રૂમને ચારે તરફથી ઘેરી લીધો હતો. ડીવાયએસપી ભાવેશ રોઝિયાએ દરવાજો નોક કરતા અંદરથી સવાલ પુછવામાં આવ્યો કોણ? જોકે એટીએસની ટીમ સંભવીત સવાલ માટે તૈયાર હતી. આંતરવામાં આવેલા સંદેશામાં કઈ શાંકેતિક ભાષાનો પ્રયોગ થઈ રહ્યો છે તેવી તેમને ખબર હતી.

રોઝિયાએ વળતા જવાબમાં કહ્યું, મહેમાન... તેવું કહેતા અંદર રહેલી વ્યક્તિને ખાતરી થઈ કે આ કોઈ પરિચિત છે. થોડીક ક્ષણ પછી દરવાજો ખુલ્યો અને તેની સાથે એટીએસની ટીમ રૂમમાં દાખલ થઈ. એટીએસ પાસે માહિતી હતી કે બે વ્યક્તિઓ આવેલી છે, પરંતુ રૂમમાં એક જ વ્યક્તિ નજરે પડતી હતી.

આથી ડીવાયએસપી રોઝિયા સામે ઊભી રહેલી વ્યક્તિ પાસે જઈ ઊભા રહ્યા જ્યારે કે કે પટેલે રૂમમાં પડેલા સામાનને તપાસવાની શરૂઆત કરી. અન્ય બીજી વ્યક્તિ ક્યાં છે તેની તપાસમાં ડીઆઈજી શુક્લા અને એસપી ભદ્રન બાથરૂમ તરફ આગળ વધ્યા તે જ વખતે ભાવેશ રોઝિયા સામે ઊભી રહેલી વ્યક્તિએ પોતાની કમરમાં પેન્ટ નીચે સંતાડી રાખેલી પિસ્ટલ બહાર કાઢી અચાનક હથિયાર જોતા રોઝિયાએ ક્ષણનો પણ વિલંબ કર્યા વગર પેલી વ્યક્તિને ધક્કો માર્યો જેના કારણે પેલો માણસ ઉંધે માથે જમીન પર પછડાયો.

આ દરમિયાન તેના હાથમાં રહેલી પીસ્ટલમાંથી ગોળી ચાલી ગઈ, પણ સદનસીબે તેમાં કોઈને ઈજા થઈ નહીં. જોકે અચાનક ગોળીબારની ઘટના બનતા ડીવાયએસપી ભાવેશ રોઝિયા અને કે કે પટેલ પેલી વ્યક્તિ પર કુદી પડ્યા. તેના હાથમાં રહેલી પિસ્ટલ અને પેલી વ્યક્તિ પર નિયંત્રણ મેળવી લીધું. જેના કારણે તે બીજી વખત ગોળીબાર કરી શક્યો ન્હોતો. પકડાયેલી વ્યક્તિને એટીએસમાં લાવી પુછપરછ કરતાં તેનું નામ ઈરફાન ઉર્ફે કાલિયા શેખ છે, તે મુંબઈનો રહેવાસી છે અને તેને ભાજપના નેતા ગોર્ધન ઝડફિયાને મારવાનું કામ સોંપવામાં આવ્યું હતું.

### રખડતા ઢોર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માર્ગ સલામતી જોખમાઈ છે. જયારે ગંદકીની સમસ્યા પણ હઠીલી બનતી જાય છે. સેકટરોમાં રખડતા ઢોરના લીધે અનેકવાર અકસ્માતો સર્જાય છે. જયારે શહેરમાં શાકમાર્કેટ સહીતના જાહેર સ્થળો પર રખડતા ઢોરની સમસ્યાના લીધે અનેક વાર મહીલાઓ અડફેટે ચઢતા ઈજાઓ થઈ હોવાના પણ દાખલા છે.

શહેરમાં રખડતા ઢોરનો પ્રશ્ન દિનપ્રતિદિન વધુ જટીલ બનતો જાય છે. જયારે કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ પણ રખડતા ઢોરની સમસ્યામાંથી સ્માર્ટ સીટી બનવા તરફ આગેકુચ કરતા શહેરને ઉગારી શકાયુ નથી. સેકટરોમાં રાત્રિના સમયે પણ વરસાદી દિવસોમાં રખડતા ઢોર માર્ગ વચાળે અડ્ડો જમાવી બેસે છે. જેના લીધે અનેકવાર અકસ્માત સર્જાય છે. ક-૭ સહીત મહાત્મા મંદિર ,ખ માર્ગ પર રખડતા ઢોર માટે કેન્દ્ર સ્થાન બની ગયુ છે.

### સર્વે હાથ ધરાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સતત ઝરમરિયા વરસાદના લીધે માર્ગોનુ પણ ધોવાણ થયુ છે. વરસાદી દિવસો બાદ તંત્ર દ્વારા માર્ગોની નુકશાનીનો સર્વે કરી જરૂરી કામગીરી માટે પણ આયોજન કરાશે કોરાના કાળમાં લોકડાઉન પુર્વેથી જ માર્ગ સુધારણાની કામગીરી પણ બંધ કરી દેવામાં આવી હતી જયારે કેટલાક સેકટરોમાં અધુરુ કામ પુર્ણ કરી દેવાયુ છે.

જયારે નવા માર્ગોના કામો હવે વરસાદી દિવસોના અંતે જ હાથ ધરાશે આવા સંજોગોમાં સેકટરોમાં માર્ગોના ધોવાણ બાદ સફાઈ કામ હાથ ધરવા પણ માંગ ઉઠવા પામી છે. જયારે વરસાદી દિવસોમાં માર્ગોની નુકશાનીનો સર્વે હાથ ધરવા માટે પણ આગામી દિવસોમાં કામગીરી હાથ ધરાશે.

### ૧૦ કેસ નોંધાયા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વર્ષીય યુવાનનો રિપોર્ટ આજે પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ આ દર્દીના પરિવારના બે સભ્યોને ક્વોરોન્ટાઈન કર્યા છે.

શહેરમાં આજે નોંધાયેલા ૧૦ કેસમાંથી પાંચ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ સાથે શહેરમાં હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારનાર દર્દીઓની સંખ્યા ૪૮ પર પહોંચી છે.

શહેરમાં કન્ટેનમેન્ટ ઝોનના અમલીકરણ માટે તંત્રએ હવે આકરા પગલા ભરવાની બાબતે મન સ્પષ્ટ બનાવી લીધુ છે. આજે પણ શહેરમાં ૧૨૦ થી વધુ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જોકે શહેરમાં રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે.

તંત્રએ અત્યાર સુધીમાં શહેરના ૩૫૦૦ થી વધુ આવાસોમાં સેનીટાઈઝેશનની કામગીરી સંપન્ન કરી છે.

### દેશમાં... ● પહેલા પાનાનું ચાલુ

રહ્યો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૬૦૦૯૧ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થઈ ગયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૨૦૩૭૮૭૦ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એક્ટીવ કેસ કરતા ત્રણ ગણો વધારે છે. દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૨૨૧૨૪૪૬૪ કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ૭૮૦૬૪૯ લોકોના મોત નિપજ્યા છે જ્યારે ૧૪૧૦૫૭૦૧ લોકો સ્વસ્થ્ય થવામાં સફળ થયા છે.

### મનના ઉમંગો ● ચોથા પાનાનું ચાલુ

મિત્ર વર્ષોપહેલાં મ્હૈસુરમાંથી મારા માટે રાજા રવિવર્માના પોષ્ટકાર્ડ સાઈઝના ઘણા ફોટા લાવેલો. તે યાદ આવતાં મેં અહીં રાજા રવિવર્માના ચિત્રો મળે છે કે નહીં તે પૂછ્યું પણ એણે જે ચારપાંચ મોટા આલ્બમ બતાવ્યા તે ખરીદવાનું મારું ગજું ન હતું. સ્ટોરની બાજુમાં એક મીઠાઈની દુકાન હતી. તે જોઈ પણ કશું ખરીદવાનું મન થયું નહીં. કોઈ ખરીદી કરી શકાય કે નહીં દરેક શહેરની ચા તો પીવી જ જોઈએ એ ન્યાયે અમે બહારના ગલ્લેથી એક એક ચા પી લીધી.

ત્યાંથી નીકળી એક રાજમહેલ પાસે આવ્યા. આ એક જોવા જેવો રાજમહેલ છે. આ કોઈ એક સમયે એક રાજા દ્વારા બંધાયેલો મહેલ નથી. બેત્રણ મહેલો જુદા જુદા સમયે બંધાયા હોય એવું બહારથી જોતાં લાગે છે. આપણને કદાચ એક મુખ્ય મહેલ જ જોવા મળે છે. બહારની ઓસરીમાં હારબંધ તોપો ગોઠવાઈ છે. આ બધી છેલ્લે ક્યારે ફૂટી હશે ? અને અંગ્રેજો સામે લડતાં ક્યારે ફૂટી હશે એની કોઈએ નોંધ રાખી હશે ? અને હવે કોઈ ફોડવા જાય તો ફૂટે ખરી ? આવું આવું વિચારતો હું વિશાળ ખંડમાં પ્રવેશ્યો. અહાહા.. શું એની ભવ્યતા ! ત્રણ ત્રણ કલાત્મક સોનેરી રંગના લાંબા અને ઊંચા થાંભલાઓ ચારે બાજુ ઊભા હતા. આખા થંભલાઓના ફોટા લેવા પણ મુશ્કેલ પડે એવા ઊંચા થાંભલા હતા. એના ટેકે વિશાળ છત ખડી હતી. એના થાંભલાઓ, મોટા મોટા હોલ,ઓસરીઓ અને શિખરો, દિવાલો,ભોંય તળિયું, દરવાજા,બારીઓ , કઠેડા, ઝૂમ્મરો બધું જ કલાકારીગીરીથી ખીચોખીચ ભરેલું છે. દિવાલો પર રાજા રવિવર્માના ચિત્રો અને દશેરાની સવારીના ફોટાઓ છે. જાતજાતનાં શિલ્પો છે. દશેરાના તહેવારે એના સઘળા લેમ્પ પ્રગટાવવામાં આવે છે તે જોવા હજારો માણસો આવે છે. એક કલાકનું વીજળી બિલ પચાસ હજાર રુપિયા બિલ આવે એટલા લેમ્પ છે. એક સ્થળે રાજાનું સિંહાસન છે.આ મહેલ એટલો ભવ્ય છે કે અહીં હું ગમે તેટલું વર્ણન કરું પણ મહેલનું સાચું ચિત્ર તમારા મનમાં ખડું કરી શકું નહીં. આપણા રાજાઓ કેવા વૈભવી જીવન જીવતા હતા તેની આવા મહેલો જોતાં પ્રતિતિ થાય છે. ગેટ પાસે પુસ્તકો મળતાં હતાં મેં એક પુસ્તક ખરીદ્યું. તેમાં મહેલના અમુક ફોટા છે અને રાજા રવિવર્માના નામના એકબે ફોટા છે.

આ શહેરમાં બીજા પણ મહેલો છે, પણ બધા મહેલો જોવા કોઈ જતું નથી. એકલા કર્ણાટકમાં જોવાલાયક સ્થળોનો પાર નથી. જોગનો ધોધ અને બાહુબલીની વિશાળ મૂર્તિ અહીંથી ઘણા દૂર છે. તે માટે સ્પેશ્યલ મ્હૈસુરમાં બેત્રણ દિવસ રહેવું પડે. શું આ જીવનમાં એવો મોકો મળશે ખરો

## મહિન્દ્રાએ સંપૂર્ણપણે નવી થાર પરથી પડદો ઊંચક્યો

### 4 x 4 આઇકોન હવે અદ્યતન, વર્લ્ડ-ક્લાસ SUV

૧૯.૪ અબજ ડોલરના મહિન્દ્રા ગ્રુપની કંપની મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડે આજે ભારતના ૭૪માં સ્વતંત્રતા દિવસના પ્રસંગે અતિ આતુરતાપૂર્વક રાહ જોવાતી હતી એ આઈકોનિક એસયુવી સંપૂર્ણપણે નવી થાર પરથી પડદો ઉંચક્યો હતો. પોતાના સંપૂર્ણપણે નવા અવતારમાં થારે પર્ફોમન્સ, રોજિંદા સુવિધા અને અનુકૂળતા, ટેકનોલોજી અને સલામતીની દૃષ્ટિએ હરણફાળ ભરી છે તેમજ એના હાર્દ સમાન વિશિષ્ટ ઓફ-રોડિંગ ક્ષમતા અને એની આઈકોનિક ડિઝાઈન જાળવી રાખી છે.

આ સંપૂર્ણપણે નવી થાર લોંચ કરતા એમએન્ડએમ લિમિટેડના એમડી અને સીઈઓ ડૉ. પવન ગોએન્કાએ કહ્યું હતું કે આજે સંપૂર્ણપણે નવી થાર લોંચ કરીને અમે ઈતિહાસનું એકવાર ફરી પુનરાવર્તન કર્યુ છે. આ થારના મૂદ્દિયા અમારા સમૃદ્ધ ઓટોમોટિવ વારસામાં રહેલા છે અને એમાં મહિન્દ્રાની ખાસિયતો એટલે કે ડીએનએ જાળવી રાખવામાં આવી છે. અમને અમારી ઓથેન્ટિક એસયુવીના વારસા પર ગર્વ છે, જે ૧૯૫૦ના દાયકાથી સૈન્ય દળોને સેવા આપીને આ દેશની આઝાદીનું રક્ષણ કરી રહી છે તેમજ સાથે સાથે સાહસનું પ્રતીક અને લાઈફસ્ટાઈલ આઈકોન બની ગઈ છે. સંપૂર્ણપણે નવી થાર મનોરંજન, સ્વતંત્રતાની અભિવ્યક્તિ છે તથા એની આગામી સાહસિક સફર માટે સજ્જ છે.

## એચડીએફસી બેંક દ્વારા સશસ્ત્ર દળો માટે એક અનોખા કાર્ડ ''શૌર્ય''ની રજૂઆત

એચડીએફસી બેંકે આજે સશસ્ત્ર દળો માટે એક અનોખી પ્રોડક્ટ રજૂ કરી છે. ''શૌર્ય કેજીસી કાર્ડ'' તરીકે ઓળખાનાર આ અનોખી પ્રોડક્ટ અગાઉ જોવા મળ્યાં ના હોય તેવાં ફીચર્સ સાથે રજૂ કરવામાં આવી છે અને ખાસ સશસ્ત્ર દળોમાં કામ કરતા ૪૫ લાખથી વધુ જવાનો માટે તેની પાત્રતા માટેના માપદંડ નક્કી કરવામાં આવ્યા છે.

આ પ્રોડક્ટ સરકારની કિસાન ક્રેડીટ કાર્ડની માર્ગરેખાઓને આધારે તૈયાર કરવામાં આવી છે. તેના મુખ્ય લાભ આ મુજબ છે.

સરેરાશ કાર્ડમાં રૂ. ૨ લાખની જીવન સુરક્ષા સામે રૂ. ૧૦ લાખની જીવન સુરક્ષા આવરી લેવાઈ છે. સાદા અને આસાન દસ્તાવેજોને કારણે સશસ્ત્રદળોની કામગીરીનો પ્રકાર જોતાં તેમની વ્યક્તિગત હાજરી કે ઉપલબ્ધિ જરૂર બનશે નહી.

૭૪માં સ્વાતંત્ર્ય દિનની પૂર્વ સંધ્યાએ આ નવી પ્રોડક્ટની એચડીએફસી બેંકના મેનેજીંગ ડિરેક્ટર આદિત્યપૂરીએ મુંબઈથી ડિજિટલ રજૂઆત કરી હતી. આ પ્રસંગે એચડીએફસી બેંકના બિઝનેશ, હેડ, રૂરલ બેંકીંગ ગ્રુપ રાજીન્દર બબ્બર હાજર રહ્યા હતા.